RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 74 Date: 04.01.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૭૨,૫૭૩ હાર્ટના કેસ, અમદાવાદમાં ૨૮%નો વધારો



ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં હૃદય રોગની બીમારીમાં સતત વધારો થયો છે. હજારો લોકોના હાર્ટ એટેકથી મોત થયા હોવાનું પણ સામે આવ્યું છે. આ બધાની વચ્ચે ૧૦૮ ઈમરજન્સી દ્વારા પણ રેકોર્ડ બ્રેક કેસ હેન્ડલ કરવામાં આવ્યા છે. આ તરફ હવે આ કેસ અને બીમારીને લઈને હૃદય રોગના ડોક્ટરે ચિંતા વ્યક્ત કરી છે. તાજેતરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી દ્વારા આંકડા જાહેર કર્યા છે. કે ૨૦૨૩ માં તેઓએ ૭૨,૫૭૩ હૃદય રોગને લગતી ઈમરજન્સી હેન્ડલ કરી છે. જે કેસ ૨૦૧૮માં ૫૩,૭૦૦ હતા તેની સામે ૩૫% વધુ કેસ નોંધાયા છે. આ તરફ ૨૦૨૨માં ૫૬,૨૭૭ કેસ નોંધાયા હતા. આ સમગ્ર કેસમાં કેસની સંખ્યા પ્રમાણે અમદાવાદ સૌથી ઉપર જોવા મળ્યું. જોકે ટકાવારી પ્રમાણે રાજકોટમાં સૌથી વધારે કેસ જોવા મળ્યા. અમદાવાદમાં ૨૧ ૪૯૬ કેસ જે ૨૮% વધુ કેસ છે, સુરતમાં ૫૪૦૮ કેસ જે ૩૧% વધુ કેસ છે, રાજકોટમાં ૪૯૧૦ કેસ જે ૪૨% વધુ કેસ છે, ભાવનગરમાં ૩૭૬૯ કેસ જે ૨૧ ટકા વધુ છે, જ્યારે વડોદરામાં ૩૬૧૮ કેસ જે ૩૧% વધુ કેસ છે. ૧૦૮ ઈમરજન્સી દ્વારા આ આંકડાને લઈને એવું પણ અનુમાન લગાવ્યું છે કે, દર ૭:૩૦ મિનિટે એક વ્યક્તિને હૃદય રોગને લગતી બીમારી સામે આવી રહી છે. તેમાં પણ અમદાવાદમાં દર એક લાખની વસ્તીએ ૨૯૮ કોલ ૧૦૮ ઈમરજન્સીને મળી રહ્યા છે. આ બીમારીને લઈને અમદાવાદના હૃદય રોગ નિષ્ણાંત ડો.જય શાહે પણ નિવેદન આપ્યું છે. હૃદય રોગને લઈને ડોકટર લોકોની બદલાતી જીવન શૈલીના કારણે કેસ વધી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે. લોકોની બદલાતી સુવાની ટેવ, બદલાતું ફૂડ, શરીર પર શારીરિક અને માનસિક સ્ટ્રેસ, વધારે પડતું જીમ કરવું આવા અનેક કારણો છે કે જેના કારણે હૃદયને લગતી બીમારીઓ વધી રહી છે તેવું ડોક્ટરોનું અનુમાન છે. આ સાથે જ પેટમાં થતી એસિડને લઈને પણ નજર અંદાજ ન કરવું તેવું પણ ડોક્ટરોની સલાહ છે. હૃદય રોગના ડોક્ટરે એ પણ સલાહ આપી હતી કે, માત્ર એક જ જગ્યા ઉપર દુઃખાવો થાય તે હૃદય રોગનો હુમલો નથી. પરંતુ છાતી પર દબાણ થવું, ડાબા ગાલે દુખાવો થવો, ડાબો હાથ દુખે... આવા અલગ અલગ લક્ષણો હોય ત્યારે તમને હૃદય રોગ નો એટેક આવી રહ્યો છે તેવું માનીને ત્વરિત સારવાર કરવી. સાથે જ યોગ્ય સમયે અને સમયાંતરે શરીરનું હેલ્થ ચેકઅપ પણ કરાવું જેથી કરીને જે કોઈને બીમારી નથી અને આવા હુમલાઓ આવી રહ્યા છે. તેવા કિસ્સાઓને ઘટાડી શકાય અને લોકોના જીવ પણ બચાવી શકાય.નોંધનિય છે કે, છેલ્લા કેટલાક મહિનામાં રાજકોટમાં હૃદય રોગને લગતા હુમલાના વીડિયો વાયરલ થયા. આ સાથે અમદાવાદમાં પણ સરખેજ વિસ્તાર હોય કાલુપુર હોય ત્યાં પણ લોકોને હૃદય રોગના હુમલા આવ્યા ના વિડીયો વાયરલ થયા હતા. આ તરફ પોલીસ કર્મચારીઓ દ્વારા દર્દીને ઝૅંઇ આપીને તેમનો જીવ પણ બચાવવામાં આવ્યો હતો. આ સીપીઆર કેમ્પેન તમામ જગ્યા ઉપર શરૂ કરવામાં આવ્યા છે. જેને લઈને ક્યાંક ફાયદો પણ થઈ રહ્યો છે. પરંતુ જરૂરી છે કે લોકો હૃદય રોગ બાબતે જાગૃત બને અને પોતાની સંભાળ જાતે લે.

## અદાણી-હિન્ડનબર્ગ કેસમાં સુપ્રીમકોર્ટનો મોટો ચુકાદો, કહ્યું - SEBIની તપાસ યોગ્ય, SITની જરૂર નથી



અદાણી-હિન્ડનબર્ગ કેસમાં સુપ્રીમકોર્ટે ચુકાદો આપી દીધો છે. જીઈૅંની તપાસને યોગ્ય ગણાવતાં દખલનો ઈનકાર કરી દીધો હતો. ૩ જજોની બેન્ચે આ મામલે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમકોર્ટે કહ્યું કે જીઈૅંએ ૨૨ આરોપોની તપાસ કરી હતી. બાકી ૨ કેસની તપાસ માટે અમે ૩ મહિનાનો સમય આપીએ છીએ. આ સાથે સુપ્રીમકોર્ટે આ મામલે તપાસને જીઈૅંથી છીનવી લઈને જીૈંને સોંપવાનો પણ ઈનકાર કરી દેતાં કહ્યું કે તેનો કોઈ આધાર જ નથી.આ સાથે સરકાર અને સેબીને સુપ્રીમકોર્ટે સલાહ આપી હતી કે તેઓ નિષ્ણાત કમિટી દ્વારા આપવામાં આવેલા સૂચનો પર ધ્યાન આપે. તપાસને ટ્રાન્સફર કરવાની જરૂર નથી. તપાસ સેબી જ કરશે. સેબીની તપાસ પર અમને શંકા નથી. સ્ટોક માર્કેટમાં નિયમો નક્કી કરવાનું કામ સેબીનું છે.હિન્ડેનબર્ગના આરોપો બાદ અદાણી સામેના ફ્રોડના કેસમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. ગત વર્ષે નવેમ્બરમાં બેન્ચે આ મામલે ચુકાદો અનામત રાખ્યો હતો. અદાણી ગ્રૂપ પર આરોપ લાગ્યો હતો કે તે અદાણી ગ્રૂપે તેના શેરની કિંમતોમાં ગરબડ કરી હતી અને હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મના ખુલાસા બાદ તેની શેરની કિંમતો આશરે ૮૦ ટકા સુધી ગગડી ગઇ હતી. અદાણીએ આ તમામ આરોપો ફગાવી દીધા હતા. સુપ્રીમકોર્ટ ચુકાદો આપે તે પહેલાં શેરબજારમાં અદાણી ગ્રૂપના શેરોની કિંમતમાં મોટો વધારો જોવા મળ્યો હતો. મોટાભાગના શેરોની કિંમતમાં ૫ ટકાનો જમ્પ જોવા મળ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી પોર્ટની કિંમતમાં પણ મોટો વધારો દેખાયો હતો.આ કેસમાં કોર્ટે ૨૪ નવેમ્બરે પોતાનો ચુકાદો અનામત રાખતા કહ્યું હતું

## ગુજરાતમાં સરકારી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારને ઝટકો, ગૌણ સેવા પસંદગી મંડળે ફી વધારી

ગુજરાતમાં સરકારી ભરતીની પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વના સામાચાર સામે આવી રહ્યા છે જેમાં ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા પરીક્ષા ફીમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે હવે ઉમેદવારોએ વધારે પરીક્ષા ફી ચૂંકવવા તૈયાર રહેવું પડશે. આ ઉપરાંત હવે પછીની ગૌણ સેવા દ્વારા બહાર પાડવમાં આવતી પરીક્ષાના ફોર્મની ફી ઓનલાઈન જ ભરવાની રહેશે. આ પહેલા ઉમેદવારો ૧૧૧ રૂપિયા પોસ્ટ ઓફિસમાં ચલણ દ્વારા ફી ભરી શક્તા હતા. ગોણ સેવા પસંદગી મંડળે ફીમાં વધારો કરતા હવે સામાન્ય વર્ગના ઉમેદવારને ૫૦૦ જ્યારે અનામત વર્ગમાં આવતા ઉમેવદવારોને ફી ભરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે હજુ બે દિવસ પહેલા જ નવા વર્ષના પહેલા જ દિવસે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૮૮ ખાલી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સંશોધન મદદનીશ વર્ગ-૩ની ૯૯ જગ્યા અને આંકડા મદદનીશ વર્ગ-૩ની ૮૯ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ માટે ઉમેદવારોએ ૨ જાન્યુઆરીથી લઈને ૧૬ જાન્યુઆરી સુધી સત્તાવાર વેબસાઈટ પર ફોર્મ ભરી શકશે.ગૌણ સેવા દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે સંશોધન મદદનીશ વર્ગ-૩ ને પાંચ વર્ષ સુધી ૪૯,૬૦૦ રૂપિયા ફિક્સ પગાર આપવામાં આવશે. જ્યારે આંકડા મદદનીશ વર્ગ-૩ને ૪૦,૮૦૦ રૂપિયા ફિક્સ પગાર આપવામાં આવશે. આ ઉપરાંત અરજી કરનાર ઉમેદવારની ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઈએ.આ ભરતી માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા ેઝ એક્ટ ૧૮૫૬ના સેક્શન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની મુખ્ય વિષય તરીકે આંકડા શાસ્ત્ર અથવા એપ્લાઈડ આંકડાશાસ્ત્ર અથવા ગાણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય આર્થશાસ્ત્ર અથવા ઈકોનોમેટ્રીક્સ અથવા ગણિતશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ ગણિતશાસ્ત્ર અથવા એડવાન્સ આંકડાશાસ્ત્રમાં સ્નાતક અથવા અનુસ્નાતકની ડિગ્રી ધરાવતો હોવો જોઈએ. કોમ્પ્યુટરના જ્ઞાન અંગે કોમ્પ્યુટર કૌશલ્યની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કાર્યક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો-૨૦૦૬ મુજબ નિયત થયેલી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા ગુજરાત/ હિન્દી બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. વખતોવખત સુધાર્યા પ્રમાણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ની જોગવાઈ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.




## સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઇનસ્ટિટ્યુટ દ્વારા છઠ્ઠા રાષ્ટ્રીય કક્ષાના સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'નું આયોજન



વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ : ફચ્ચ્જી-૨૦૨૪ના ભાગરૂપે કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી સંચાલિત સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઇન?સ્ટિટ્યુટ દ્વારા ગાંધીનગર ખાતે છઠ્ઠા રાષ્ટ્રીય કક્ષાના સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ 'જીવંત શિલ્પ' સિમ્પોઝીયમમાં રાઈઝિંગ ઈન્ડિયા, માનવ આત્માની શક્તિ, યોગ, આધ્યાત્મિકતા, પર્યાવરણીય જાગૃતિ, ટેકનોલોજી અને આધ્યાત્મિકતાને એકીકૃત કરતી થીમ નક્કી કરવામાં આવી છે.

અગાઉના સિમ્પોઝિયમના ઉત્કૃષ્ટ પરિણામોના આધારે સાપ્તી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટના ભાગરૂપે ગાંધીનગર ખાતે સ્ટોન સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'-શિલ્પોત્સવનું તા.૨૩ ડીસેમ્બર-૨૦૨૩ થી તા.૧૨ જાન્યુઆરી-૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ, ઉભરતા શિલ્પકારો, વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત શિલ્પકારોને તેમની કળા અને પ્રતિભા દર્શાવવા મંચ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઇન?સ્ટિટ્યુટ (સાપ્તી) દ્વારા ગુજરાતના શિલ્પકળાની જાળવણીના સતત પ્રયાસોના ભાગરૂપે, પથ્થર કળા અને શિલ્પોની સદીઓ જુની પરંપરા જીવંત રાખવા શ્રી આરાસુરી માં અંબાજી દેવસ્થાન ખાતેના સાપ્તી અંબાજી કેન્દ્ર પર શિલ્પકળા માટેની અનોખી શ્રુંખલા "શિલ્પોત્સવ" હેઠળ રાષ્ટ્રીય કક્ષાના ૦૪ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૦૧ સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ભાઈજીપુરા ચોકડી નજીક, પીડીપીયુ રોડ, રાયસણ ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી આયોજિત આ શિલ્પોત્સવ રાજ્યની કલા ચાહક વર્ગ અને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે જેનો મહતમ લાભ લેવા સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીગ ઇન?સ્ટિટ્યુટ દ્વારા અનુરોધ કરાયો છે.

## ગાંધીનગર જિલ્લાના છાલા કેળવણી મંડળ સંચાલિત શેઠ કે.એમ.શાહ સર્વોદય હાઈસ્કૂલ દ્વારા વયનિવૃત્ત કર્મયોગીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર :

ગાંધીનગર જિલ્લાના છાલા કેળવણી મંડળ સંચાલિત શેઠ કે.એમ.શાહ. સર્વોદ્ય હાઈસ્કુલ ખાતે નિવૃત્ત કર્મયોગી અને ઇન્ચાર્જ આચાર્ય તરીકે ૩૨ વર્ષો સેવા આપનાર શ્રી રમેશભાઇ એસ.ચૌધરી, શ્રી નરેન્દ્ર પરમાર, શ્રી રણછોડભાઇ દેસાઇ, શ્રી રતિલાલ મહેરીયા તથા નિયુક્ત થયેલા આચાર્ય શ્રી નાથુભાઇ પટેલનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો.



સમારંભના અઘ્ક્ષય સ્થાનેથી અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્ર નિર્માણ અને સમાજ ઘડતરનું અતિ મહત્વનું સેવા કાર્ય શિક્ષકો દ્વારા જ થાય છે, ત્યારે નસીબદાર વ્યક્તિઓને જ આ ક્ષેત્રમાં સેવા કરવાનો મોકો મળે છે. શિક્ષક જ માત્ર એક એવો હોદ્દો છે કે જમેને નિવૃત થયા પછી લોકો અને સમાજ સાહેબ કરીને માન અને આદરથી સન્માન આપે છે.

મુખ્ય મહેમાન પદેથી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર અને ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભગવાનભાઇ પ્રજાપતિએ નિવૃત્ત કર્મયોગીઓનું સન્માન કરી જણાવ્યું હતું કે, ભાવિપેઢીના ઘડતર અને તંદરસ્ત સમાજ માટે શિક્ષકોની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. તેમણે નિવૃત્ત કર્મયોગીઓની વર્ષો સુધી ગ્રામીણ ક્ષેત્રમાં કરેલી શિક્ષણ સેવા અને યુવાનોના વિકાસમાં નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી હતી.

શિક્ષક અને ઇનચાર્જ આચાર્ય તરીકે હાઇસ્કુલમાં ૩૨ વર્ષ સુધી સેવા આપનાર શ્રી રમેશભાઇ એસ. ચૌધરીએ સન્માનનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, હાઇસ્કુલના વિકાસમાં અટલ લેબ કેન્દ્ર, ફાયર સેફ્ટી, આર.ઓ.પ્લાન્ટ અને રાજયકક્ષના વિજ્ઞાન મેળામાં શાળાને મળેલ સિદ્ધિઓ તથા ધોરણ- ૧૦ અને ધોરણ- ૧૨માં ૯૪ ટકા મેળવેલ સિદ્ધિઓને બિરદાવી હતી.

## તંત્રી લેખ......

# જાતિ આધારિત ગણનાનું રાજકારણ

એમાં હવે બેમત નહીં કે વિપક્ષી ગઠબંધન તરફથી જાતિગત ગણનાને આગામી લોકસભા ચૂંટણીમાં એક મોટો મુદ્દો બનાવવામાં આવશે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને તેના માટે ગઠબંધનના સાથીઓ તરફથી પ્રશંસા મળી રહી છે. તેમની પાસે કહેવા માટે પણ છે કે મેં જે કહ્યું, તે કરી બતાવ્યું. પહેલી નજરમાં એ તર્ક ગળે ઉતરી જાય છે કે અનામતનો આધાર જાતિઓ જ હોય તો પછી કેમ એ જોઈ ન લેવું કે ક્યાં કઈ જાતીની કેટલી સંખ્યા છે અને તેમની આર્થિક, સામાજિક અને શૈક્ષમિક સ્થિતિ કેવી છે? જાતીય ગણનાના પક્ષમાં સૌથી પ્રબળ તર્ક આ જ છે. નીતિશ સરકારે જાતીય ગણનાના આંકડા તો જારી કરી દીધા, પરંતુ હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે તેનો ઉપયોગ ત્યાં કઈ રીતે થાય છે. બિહાર સરકાર કહી રહી છે કે સરકારની નીતિઓમાં આ આંકડાઓની વાસ્તવિકતા દેખાશે. તેના અર્થ કયા છે? શું જે જાતિની જેટલી સંખ્યા જણાવવામાં આવી છે, તે અનુસાર જ તેમને અનામત અને અન્ય સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવશે કે પછી તેનો ઉપયોગ અલગ રીતે કરવામાં આવશે?

જાતીય ગણનાનો ઉદ્દેશ્ય અને ક્રિયાન્વયનની સ્પષ્ટ રૂપરેખા સામે હોવી જોઈતી હતી. એ ત્યારે જ સંભવ થાત જ્યારે સામાજિક ન્યાયના સૈદ્ધાંતિક વિચારથી કામ થાત. નીતિશ કુમારે જ્યારે ભાજપથી અલગ થવાનું મન બનાવી લીધું હતું ત્યારથી જ જાતીય ગણનાનો અવાજ ઉઠાવયો. નહિ તો પહેલાં તેમનું જોર બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો અપાવવા સુધી સીમિત હતું. શું તેનું કારણ એ હતું કે દેશમાં લોકો હિંદુત્વની રાજનીતિ તરફ આકર્ષિત થાય છે? ચૂંટણી સર્વેક્ષણ પ્રમાણિત કરે છે કે જ્યાં પણ ભાજપનો જનાધાર છે, ત્યાં કેટલાક સ્થાનોને બાદ કરતાં પછાતો, દલિતો અને આદિવાસીઓના સર્વાધિક મત તેમના ખાતામાં જાય છે. તેમની પાસે સૌથી વધુ ઓબીસી સાંસદ છે.

એ મુશ્કેલી છે કે સામાજિક ન્યાય અને તેના એક પાસા અનામતને રાજનીતિનું સૌથી મોટું હથિયાર બનાવી લેવાને કારણે તેનો વાસ્તવિક ઉપયોગ, પરિણામ અને સમીક્ષાના વિવેકપૂર્ણ અવકાશ જ રહ્યો નથી. તેનું કારણ એ જ છે કે દલિતો-પછાતોના નામ પર રાજનીતિ કરનારા નેતા અને પાર્ટીઓ તેનો જવાબ નથી આપી શકતા કે તેમણે પોતાના લાંબા શાસનકાળમાં શું કર્યું? મંડલ પંચની ભલામણો લાગુ થયા બાદ ૧૯૯૦થી સતત લાલુ યાદવ અને નીતિશ કુમાર બિહારની સત્તામાં છે. તેઓ ખુદને દલિતો-પછાતોના મસીહા કહે છે, પરંતુ ૩૩ વર્ષોમાં બિહારની દુર્દશાનો અંત કેમ નથી આવ્યો? જીએસટી સંગ્રહમાં બિહારનું સ્થાન નકારાત્મક છે.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૦૬ અને ચાંદીમાં રૂ.૧,૧૩૧નો કડાકોઃ ક્રૂડ તેલ રૂ.૫૪ લપસ્યું

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૧,૦૫૧.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૫૩૬. કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૦,૪૯૨.૭૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ પર સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩,૨૫૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૩૪૫ અને નીચામાં રૂ.૬૨,૮૪૨ના મથાળે અથડાઈ, રૂ.૪૦૬ ઘટી રૂ.૬૨,૮૫૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦૩ ઘટી રૂ.૫૦,૯૪૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૬,૨૦૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૫ ઘટી રૂ.૬૨,૬૬૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૯૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૧૨૬ અને નીચામાં રૂ.૭૨,૯૫૪ના મથાળે અથડાઈ, રૂ.૧,૧૩૧ ઘટી રૂ.૭૨,૯૬૪ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૧૦ ઘટી રૂ.૭૩,૦૪૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૯૩ ઘટી રૂ.૭૩,૦૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૭૨૮.૫૦ના ભાવે ખૂલી, રૂ.૫.૨૦ ઘટી રૂ.૭૨૪.૬૫ જ્યારે એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ ઘટી રૂ.૨૦૬.૮૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ ઘટી રૂ.૨૨૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૦૬.૯૫ સીસુ-મિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૨.૫૦ જસત-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧.૬૫ ઘટી રૂ.૨૨૮.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૦૩ અને નીચામાં રૂ.૫,૭૯૬ના મથાળે અથડાઈ, રૂ.૫૪ ઘટી રૂ.૫,૮૮૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૬૦ ઘટી રૂ.૫,૮૯૩ બોલાઈ રહ્યો હતો.

નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૫ના ભાવે ખૂલી, રૂ.૪.૮૦ વધી રૂ.૨૧૭.૩૦ અને નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૪.૫ વધી ૨૧૭.૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૩૪૦ અને નીચામાં રૂ.૫૬,૦૮૦ના મથાળે અથડાઈ, રૂ.૪૦ વધી રૂ.૫૬,૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ ઘટી રૂ.૯૨૧.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સોનાના વાયદાઓમાં રૂ.૨,૨૯૪.૧૫ કરોડનાં ૩,૬૩૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૮,૦૮૨ લોટ્સ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં રૂ.૩.૮૮ કરોડનાં ૭૫૯ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૩,૮૦૫ લોટ્સ, સોનું-મિની વાયદાઓમાં રૂ.૪૬૬.૭૩ કરોડનાં ૭,૩૯૬ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૪,૫૭૬ લોટ્સ, ગોલ્ડ-પેટલ વાયદાઓમાં રૂ.૫.૭૬ કરોડનાં ૯,૨૪૫ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૪૯,૦૭૧ લોટ્સ, ચાંદીના

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

વાયદાઓમાં રૂ.૨,૬૨૧.૯૭ કરોડનાં ૧૧,૮૮૩ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૯,૫૦૧ લોટ્સ, ચાંદી-મિની વાયદાઓમાં રૂ.૧,૧૪૯.૬૫ કરોડનાં ૩૧,૧૪૨ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૪૬,૧૪૦ લોટ્સ, ચાંદી-માઈક્રો વાયદાઓમાં રૂ.૮૪૦.૬૪ કરોડનાં ૧,૧૩,૮૯૦ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૫૮,૭૩૬ લોટ્સ, એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૫.૨૫ કરોડનાં ૧,૨૧૬ લોટ્સનાં કામકાજ અને ૧,૬૭૧ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૨૪.૭૯ કરોડનાં ૧,૨૦૪ લોટ્સનાં કામકાજ અને ૪,૯૫૫ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, તાંબાના વાયદાઓમાં રૂ.૩૨૪ કરોડનાં ૧,૭૮૨ લોટ્સનાં કામકાજ અને ૫,૮૨૦ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, સીસાના વાયદાઓમાં રૂ.૨૨.૨૧ કરોડનાં ૨૪૩ લોટ્સનાં કામકાજ અને ૮૯૧ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, સીસું-મિની વાયદાઓમાં રૂ.૨.૬૧ કરોડનાં ૧૪૩ લોટ્સનાં કામકાજ અને ૭૯૧ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, જસતના વાયદાઓમાં રૂ.૧૮૮.૫૦ કરોડનાં ૧,૬૪૧ લોટ્સનાં કામકાજ અને ૫,૦૫૭ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, જસત-મિની વાયદાઓમાં રૂ.૪૩.૪૮ કરોડનાં ૧,૮૯૧ લોટ્સનાં કામકાજ અને ૩,૦૩૩ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૦૩.૭૭ કરોડનાં ૧૨,૦૦૪ લોટ્સનાં કામકાજ સાથે ૧૯,૯૯૭ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૦૭.૦૬ કરોડનાં ૧૮,૨૧૭ લોટ્સનાં કામકાજ અને ૨૭,૬૦૯ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, નેચરલ ગેસ-મિનીમાં રૂ.૮૭.૫૭ કરોડનાં ૧૬,૪૪૭ લોટ્સનાં કામકાજ સાથે ૨૮,૫૪૫ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, નેચરલ ગેસમાં રૂ.૯૧૭.૮૦ કરોડનાં ૩૪,૩૬૮ લોટ્સનાં કામકાજ સાથે ૪૨,૧૨૯ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ, કોટન-ખાંડી વાયદાઓમાં રૂ.૭.૬૪ કરોડનાં ૨૮ લોટ્સનાં કામકાજ સાથે ૨૫૫ લોટ્સનો ઓપન ઈન્ટરેસ્ટ અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૦૨ કરોડનાં ૧૨૧ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૧૯૬ લોટ્સના સ્તરે રહ્યો હતો.ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૬,૪૨૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૪૨૯ અને નીચામાં ૧૬,૨૮૦ બોલાઈ, ૧૪૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૨ પોઈન્ટ ઘટી ૧૬,૨૮૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. બુલડેક્સ વાયદાઓમાં રૂ.૨૧.૨૮ કરોડનાં ૨૬૦ લોટ્સનાં કામકાજ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨૫૧ લોટ્સના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૮૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯ અને નીચામાં રૂ.૧૦.૫૦ના મથાળે અથડાઈ, રૂ.૫.૨૦ ઘટી રૂ.૧૪.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૩.૧૦ અને નીચામાં રૂ.૨.૫૦ રહી, અંતે રૂ.૦.૩૫ વધી રૂ.૩.૦૫ થયો હતો.


# "શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવાનું સૌભાગ્ય" - આચાર્ય લોકેશજી



વિશ્વ હિન્દુ પરિષદ, દિલ્હીએ ૧ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ નવી દિલ્હીનાં વાલ્મિકી મંદિરથી અયોધ્યામાં પૂજનીય અક્ષત અને આદરણીય સંતોને આમંત્રણ કાર્ડ વિતરણ કરવાનું કાર્ય શરૂ કર્યું. સંતો વતી તેમના વિચારો વ્યક્ત કરતાં પૂજ્ય જૈન આચાર્ય લોકેશજીએ કહ્યું હતું કે, ''અયોધ્યામાં શ્રી રામ મંદિરનાં અભિષેક કાર્યક્રમની ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા એ સૌભાગ્યની વાત છે. આ અવસરે વાલ્મીક મંદિરનાં ડાયરેક્ટર મહામંડલેશ્વર કૃષ્ણ શાહ વિદ્યાર્થીજી અને બોધ ભંતે રાહુલ દીપાંકરજી સાથે મહામંડલેશ્વર અને હિન્દુ પરંપરાનાં અન્ય સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.વિશ્વ હિન્દુ પરિષદ, દિલ્હી પ્રદેશ અધ્યક્ષ કપિલ ખન્નાએ કહ્યું કે, ''અખંડ અને આમંત્રણ કાર્ડ વિતરણનો કાર્યક્રમ આજથી શરૂ થઈ રહ્યો છે, અમે ઓછામાં ઓછા ૧૦ લાખ લોકોને ઘરે-ઘરે જઈને આમંત્રિત નક્કી કર્યું છે. શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં આપણે બધા અયોધ્યા પહોંચી શકતા નથી. તેથી આપણે તે દિવસે આપણા ઘરની આજુબાજુના મંદિરોને અયોધ્યામાં રૂપાંતરિત કરવા અને આ ઐતિહાસિક ક્ષણમાં આનંદ સાથે ભાગ લેવાનો છે.''

આ પ્રસંગે અનેક મહામંડલેશ્વરો, સંતો, વિશ્વ હિન્દુ પરિષદનાં કાર્યકરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અક્ષત અને આમંત્રણ વિતરણનો કાર્યક્રમ દેશભરમાં ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ચાલુ રહેશે અને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૪થી અયોધ્યામાં વૈદિક વિધિ સાથે રામ લલ્લા પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ શરૂ થશે. દીપક ગુપ્તા, રાજ્યના વડા, વિશ્વ હિન્દુ પરિષદનાં ધર્માચાર્યોએ ઉપસ્થિત તમામ સંતો અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ૪ જાન્યુઆરી, " વિશ્વ બ્રેઇલ દિવસ"



લૂઈસ બ્રેઈલ નામના વ્યક્તિ દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફ્ટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે.

બ્રેઈલના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જ્યારે તે ફક્ત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી.

સામાન્ય વ્યક્તિ પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જ્યારે અંધજનો માટે એ શક્ય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે પરંતુ જ્યારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યું. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે.

# ૨૦૨૪ માં વધારે ને વધારે ધ્યાન- અભ્યાસ કરવું" - પરમ સંત રાજીન્દર સિંહજી મહારાજ

સાવન કૃપાલ રુહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજે નવા વર્ષ ૨૦૨૪ ના આગમન પર શિકાગો, અમેરિકા થી યુ-ટ્યુબ પર લાઈવ-ટેલીકાસ્ટ ના આધારે આશા, શાંતિ અને ધ્યાન અભ્યાસ નો વિશ્વ-કલ્યાણકારી સંદેશ આપ્યો.



સંપૂર્ણ માનવજાતી ને નવું વર્ષ ૨૦૨૪ ના આગમન ની શુભકામના આપતા સંત રાજીન્દર સિંહજી મહારાજ એ એમના નવા વર્ષના આધ્યાત્મિક સ્લોગન ×૨૦૨૪ માં વધારે ને વધારે ધ્યાન-અભ્યાસ કરવો× એ સ્લોગન પર ભાર આપતા કહ્યું કે આપણે આપણા જીવનમાં ધ્યાન-અભ્યાસ ને પ્રાથમિકતા આપવી. જેના દ્વારા આપણે આપણા શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યને સારું રાખી શકીએ છીએ.

ત્યારબાદ સંત રાજીન્દર સિંહજી મહારાજે નવા વર્ષની શુભકામનાઓ આપતા કહ્યું કે આ નવું વર્ષ તમારા બધા માટે ખુશીઓથી ભરપૂર રહે. જ્યારે આપણે નવા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ તો આ નવું વર્ષ તમારા બધા માટે પાછલા વર્ષ કરતા વધારે સારું રહે. હું તમારા બધા માટે પ્રાર્થના કરું છું કે તમે બધા શારીરિક રૂપથી સ્વસ્થ રહો, માનસિક રૂપથી તણાવમુક્ત રહો, ભાવનાત્મક રૂપથી ખુશ રહો અને આધ્યાત્મિક રૂપથી પ્રગતિ કરો. નવા વર્ષનું આ સ્લોગન×૨૦૨૪ માં વધારેમાં વધારે ધ્યાન અભ્યાસ કરીએ×આપણને સમજાવે છે કે આપણે વધારેમાં વધારે સમય પ્રભુની યાદમાં વિતાવીએ. જેટલું વધારે આપણે ધ્યાન અભ્યાસ કરીશું એટલું વધારે આપણે પ્રભુની નજીક થતા જઈશું.

ધ્યાન અભ્યાસ આપણા જીવનના બધા પહેલુંમાં ઉન્નતિ કરવા માટે આપણી સહાયતા કરે છે. આ આપણા શરીરના બધા દુઃખ દર્દ દૂર કરીને આપણને શારીરિક રૂપથી પણ સ્વસ્થ રાખે છે. આના દ્વારા આપણે તણાવ અને ચિંતા થી મુક્ત થઈને શાંત અને સ્થિર જીવન જીવી શકીએ છીએ. આ આપણને બૌદ્ધિક સ્તર પર કોઈ પણ કાર્યમાં ધ્યાન કેન્દ્રિત કરવાની કુશળતા મેળવવામાં પણ મદદગાર થાય છે.

ધ્યાન અભ્યાસ સૌથી મહત્વપૂર્ણ લાભ એ છે કે તેના દ્વારા આપણે પોતાની આત્માને જાણીને પિતા પરમેશ્વર દિવ્ય પ્રેમ અને જ્યોતિ માં જોડાઈ શકીએ છીએ. જ્યારે આપણે ધ્યાન અભ્યાસ કરીને પોતાના આધ્યાત્મિક લક્ષ્ય તરફ કેન્દ્રિત થઈએ છીએ તો આપણે પિતા પરમેશ્વરની બહુ જ નજીક પહોંચી જઈએ છીએ. નવું વર્ષ ૨૦૨૪ ના અવસર પર તમારા બધા માટે મારી આ શુભકામનાઓ છે.

સંત રાજીન્દર સિંહજી મહારાજ ને આંતરરાષ્ટ્રીય સ્તર પર ધ્યાન અભ્યાસ દ્વારા વિશ્વમાં આંતરિક તથા બાહ્ય શાંતિ સ્થાપિત કરવા માટે ઓળખવામાં આવે છે.સંત રાજીન્દર સિંહજી મહારાજ વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ તથા વિશ્વ પ્રસિદ્ધ લેખક છે. જે પાછલા ૩૪ વર્ષોથી પુરા વિશ્વભરમાં શાંતિ, એકતા અને પ્રેમનો સંદેશ ફેલાવી રહ્યા છે. સાવન કૃપાલ રુહાની મિશન નું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવિલે અમેરિકામાં સ્થિત છે. આ મિશનના વિશ્વભરમાં ૩૨૦૦ થી પણ વધારે કેન્દ્ર સ્થાપિત છે.

# વાવો ભાઈ વાવો હવે તો એક વડ નું વૃક્ષ જરૂર વાવો

ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં અજોડ છે. આપણે માનીએ છીએ કે જીવજંતુ, તંતુ, વૃક્ષ વિગેરેમાં પરમાત્માનો વાસ છે. તેની રક્ષા અને નૈસર્ગિક સંતુલન બનાવી રાખવા માટે પશુપક્ષીઓને ઈશ્વરના વાહન તરીકે સ્થાન આપીને તેની રક્ષા કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેવી જ રીતે વૃક્ષોને પણ ભારતીય સંસ્કૃતિમાં અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ વૃક્ષ બચાવ, વૃક્ષ ઉછેર અને વૃક્ષરોપણને મહત્ત્વ આપે છે. વડનું ઝાડ બહુ જ મોટા વિસ્તાર તથા ઘટાદાર હોય છે. તે ઝાડને પૂજ્ય માનેલું છે. વડ સાવિત્રીના વ્રત વખતે કુમારીકાઓ આ ઝાડની પૂજા કરે છે. ગુજરાતમાં નર્મદા નદીના કાંઠે શુકલતર્થ પાસે મોટો જુનો કબીર વડ છે. તેને સાડા ત્રણસો વડવાઈઓ છે. અને આ વડની નીચે પાંચ હાજર માણસો આરામ લઈ શકે છે.

વડનું મહત્વ :

× વડના ઝાડની ડાળીમાંથી વડવાઈઓ ફુટીને જમીન તરફ વધતી જઈ જમીનમાં મૂળ નાંખે છે, જેથી વડ નો વિસ્તાર વધતો જાય છે.

× વડની વડવાઈનું દાતણ કરવાથી દાંત મજબૂત રહે છે, ચોખા થાય છે અને સડતા નથી.

× શારીરિક શક્તિ મેળવવા પતાસામાં વડનું દૂધ એકઠું કરી રોજ તાજુ ખાઈ જવું.

× ધાતુના વિકારોમાં વડનું દૂધ ઉત્તમ છે.

× વડનાં પાનનાં પતરાળા બનાવામાં આવે છે.

× પૌરાણિક ગ્રંથો અનુસાર વડ વૃક્ષ એ દેવ વૃક્ષ છે.

× દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના પાંદડાઓ અને તેના ફળ પર રહેવાનું સહેલું છે.

× વડએ ઓક્સીજનનો કુદરતી બાટલો છે. દિવસ હોય કે રાત, વડની નીચે રહેવાથી આપને ભરપૂર ઓકસીજનનું પ્રમાણ મળી રહે છે.

× જેઓને શ્વાસની તકલીફ હોય કે પછી ઓક્સીજન ઓછું લઈ શકતાં હોય એમણે વડના ઝાડની આસપાસ જરૂર રહેવું જોઈએ.

× વડના મૂળ, તેની કોમળ કે રૂક્ષ વડવાઈઓ, તેના કૂણાં પાન તેમજ તેના થડ અને વડવાઈઓમાંથી ઝરતું ક્ષાર જેવું દૂધ, વડવાઈ, છાલ, શુંગ અને મૂળ

એમ દરેક અંગોને દવા તરીકે કામ લઈ શકાય છે.

× આ ઝાડના પંચગવ્ય એટલે કે ફૂલ,ફળ,પાન,છાલ અને થડ દ્વારા અનેક રોગોનુ નિદાન કરવામાં આવે છે.

હિન્દુ ધર્મમાં ઘણા વૃક્ષ એવા છે જેમને પૂજનીય માનવામાં આવે છે. તેનુ કારણ પણ છે. કારણ કે અનેક ઝાડ છોડ ફુલ અને વૃક્ષોની જડમાં વિવિધ દેવતાઓ અને ગ્રહોનો વાસ માનવામાં આવે છે. અને તેમના દ્વારા જીવનની અનેક પરેશાનીઓ કષ્ટોથી મુક્તિ મેળવી શકાય છે. આવુ જ એક ખાસ ઝાડ છે વડ. તેને વટવૃક્ષ પણ કહે છે. વડના વૃક્ષને જ્યોતિષ અને તાંત્રિક ગ્રંથો સાથે આયુર્વેદમાં પણ મહત્વનુ સ્થાન પ્રાપ્ત છે. કારણ કે વડનું ઝાડ એ દિર્ઘજીવી વૃક્ષ તરીકે જાણીતું છે. આ ઝાડ ત્રિમૂર્તિનું પ્રતીક છે, તેની છાલમાં ભગવાન શ્રી વિષ્ણુ, મૂળમાં બ્રહ્માજી અને ડાળીઓમાં મહાદેવ શિવનો વસવાટ રહેલો છે તેવું માનવામાં આવે છે. જેમ પીપળના ઝાડનેને વિષ્ણુજીનું પ્રતીક માનવામાં આવે છે, તેવી જ રીતે વડને શિવ માનવામાં આવે છે. તે પ્રકૃતિની રચનાનું એક મહત્વનું પ્રતીક છે, સંતાનની મનોકામના કરતા લોકો તેની પૂજા કરે છે. તે લાંબા સમય સુધી જીવે છે, તેથી તેને ''અક્ષયાવત'' પણ કહેવામાં આવે છે. તેના વૈજ્ઞાનિક કારણોસર પણ અનેક ઘણું મહત્વ છે. તેનો પડછાયો સીધું આપણાં મન ઉપર અસર કરે છે, અને મનને શાંત રાખે છે. દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના પાંદડાઓ અને તેના ફળ પર રહેવાનું સહેલું છે. વડ એટલું બધું ઘટાદાર વૃક્ષ છે કે તેનો છાંયડો આજના સમયમાં લોકો અને પ્રાણીઓ માટે આશીર્વાદ રૂપ બની રહે છે. એક માન્યતા અનુસાર વડ સાવિત્રીની પૂજામાં સત્યવાનને જીવનદાન વડના ઝાડની નીચે સૂવડાવ્યા બાદ જ મળ્યું હતું. તેથી. પૃથ્વી ઉપર આ વૃક્ષ છે વરદાન રૂપ છે. આ વૃક્ષ અમરપટો લઈને આવેલ છે. તે નાશવંત વૃક્ષ કહેવાય છે. તેનું વનસ્પતિ નામ ફિકસ બેંગહેલેન્સિસ છે.

ઘેઘુર વડ વરસાદ સારો લાવે છે. સાથેસાથે અનેક પક્ષીઓનું આશ્રયસ્થાન પણ હોય છે. વડનું વૃક્ષ એક એવું વૃક્ષ છે કે જે આપમેળે પૃથ્વીના પેટાળમાં ફેલાઈને બહાર આવી નવું વૃક્ષ પેદા કરતું હોય છે. વટસાવિત્રી વ્રતમાં વડ વૃક્ષનું મહત્વ વિશેષ કરીને તેથી જ છે. વડને સૂતરના તાંતણા વડે રક્ષાસુત્ર બાંધવામાં આવે છે.

રાષ્ટ્રીય વૃક્ષ વડની સંખ્યા વધે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રયાસ કરી રહી છે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય વડ વૃક્ષના 'નમો વડ વન' રાજ્યમાં ૩૩ જિલ્લામાં ૭૫ સ્થળોએ ઉભાં કરાઈ રહ્યું છે. પ્રત્યેક 'નમો વડ વન'માં ૭૫ વડવૃક્ષ વાવેતર દ્વારા પર્યાવરણ શુદ્ધિ–સ્વચ્છ હવા–કુદરતી ઓક્સિજન મેળવવાની નેમ સાકાર કરાઈ રહ્યું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 168**

પ્રકાર: ગદ્ય.વિષય: પંચ તત્ત્વ નું આ શરીર
(સ્વ રચિત)શબ્દ:૩૧૧
લેખક નું નામ:ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'ઉદયપુર (રાજસ્થાન)

આ પંચ તત્વ નું દેહ તો રાખનું રમકડું છે. પરંતુ દિમાગ ના મધ્ય(હાયપોથેલેમિક્સ પીચ્યુટ્રી ગ્રંથિ) ભાગમાં બિરાજમાન આત્મા નિરાકાર અતુટ અને અટલ છે .તેનું મૃત્યુ નથી. જે આ શરીરની અંદર બિરાજમાન છે. એમ આ મનુષ્ય જીવનનું ઘડતર બુધ્ધિ થી ઘડે તો અપાર આનંદ સુખ ની અનુભૂતિ કરી પરમ શાંતિને નું અનૂભવ કરી શકે છે.જે સત્ય છે. મનુષ્ય પોતે જ પોતાનું શિલ્પકાર છે.આ દેહ પાંચ તત્વો દ્વારા બનેલું છે. અને એક દિવસ આ માટી નું દેહ રાખ મા ભડી જવાનું છે.એટલે જ આ દેહ નું નામ આજે 'રાખનું રમકડું' પડ્યું છે.
આપણું આ શરીર પાંચ તત્ત્વો થી બનેલું છે ....જલ થલ આકાશ વાયુ અને અગ્નિ. મનુષ્ય આત્મા થકીત જ જીવે છે. અને આત્મા થકીત જ એનું સૌંદર્ય છે. આત્મા થકીત જ બધાં કર્મ કરે છે. આત્મા થકીત જ આ શરીર ની કીંમત છે. જે આજે એક વિશાળ વટવૃક્ષ ની જેમ ધરતી પર કાર્યરત છે.(મનુષ્ય દેહ)
આત્મા થકીત આ દેહ બાલ્ય અવસ્થા થી લઈ ઘડપણ અવસ્થા મા આવી વાનપ્રસ્થ ને પામે છે. આ દેહ નો સર્વોપરી વડા આત્મા છે. આત્મા બિના આ દેહની કિંમત નથી.આત્મા દ્વારા કરેલ સારા ખરાબ કર્મો થી આત્મા પાપી આત્મા ,દુષ્ટ આત્મા, મહાન આત્મા કેહવાય છે . આ શરીર નો કંટ્રોલ આત્માના હાથમાં છે. જે આ દેહ નું કરતાં હરતા છે, સંચાલન કરે છે.આત્મા ને પરમાત્મા ન કેહવાય.આત્મા પરમપિતા પરમાત્મા નો વંશ કેહવાય.જ્યારે આ શરીર જીર્ણ થઈ જાય છે ત્યારબાદ આત્મા આ શરીરમાંથી નીકળી પરમધામ ,શાંતિ ધામમાં ચાલ્યો જાય છે.અને ત્યાર બાદ આખરે આ શરીર રાખ નું રમકડું બની પંચ તત્વ મા વિલીન થઈ જાય છે. આ મનુષ્ય શરીર રમકડું ઘણાને રમાડે છે. ઘણાને ડુબાડે છે. થવું તો દેહી(આત્મા )અભિમાની બનવું દેહ (શરીર) અભિમાની કદી ન બનવું.
આત્મા અજર અમર છે અને પંચ તત્વ થી બનેલ આ શરીર એક...એક દિવસ પંચ તત્ત્વ મા વિલીન થઈ રાખ થઈ મટી... માટી મા સમાઈ અલવિદા પામે છે.... આ રાખ નું રમકડું જેને દેહ (શરીર) કેહવાય છે.
ઓમ શાંતિ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**

પ્રકાર:પધ...વિષય:રાખ ના રમકડાં.
શીર્ષક : માટી માથી માટી.
શબ્દો : ૯૬.

માટીના ઢેફાં માથી બનતી માનવ કાય.
માટી થઈ માટીમાં પાછી મળી જતી આ કાય.

કાયાનુ તો મનડું માલિક રંગાય નીત નવા રંગો માય.
મનડાંમા બેઠો આતમ મહાલે ઉતંગ વિચારો માય.

રમત માંડી બેસી જાતું મનડું સંસારનાં રંગો માય.
ભણતર, ગણતર ને કાર્યે સંસારના રાચે નીત નવા રંગો માય.

બાળપણ, જવાની ને ઘડપણ વીતે વિધવિધ રંગો માય.
કર્મો ની દોરી ઈશ્વર ને હાથ રમત રમાડે તેમ રમાય.

મુક્તાફળ નું મોતી પામવા જરૂરી છે માનવ કાય.
મોહમાયા નું ઝાળુ તોડી આતમ રંગાય ભક્તિ માય.

ભક્તિ પદારથ નું ભાથું પામી ઝુલતુ મુક્તિ માય.
માટીની કાયા માટીમાં મળતી આજ છે સચ્ચાઈ.

ચારુલતા દોષી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 162**

પ્રકાર - પધ..વિષય - રાખનાં રમકડાં
શીષક - માટીનો દેહ માટી મા
રચનાપપ

રાખ ના રમકડા
નુ ગીત તો સાંભળતા આવ્યા છીએ

મારા રામે રમતાં રાખ્યાં રે રાખનાં રમકડાં.
આ માણ માટીનાં માનવી તુ શાને
કરે અભિમાન ખાલી હાથે આવ્યા ને ખાલી રે જવાનું રાખ
ના રમકડા.
જન્મ આપ્યો માતા એ ને ફૈબા એ
આપ્યું નામ પિતા એ કર્યું પાલન તારું ને પરિવારે કર્યુ કામ. રાખ
ના રમકડા.
જ્ઞાન આપ્યું ગુરુ એ અને થયો તુ ધનવાન. કુટુંબ કબીલાના સાથ થી તુ
થયો બળવાન. રાખનાં રમકડાં.
અહમ અહંકાર ને અભિમાન છે ઘમંડ ના નામ. ન આવે જીવનમાં કયારેય
કામ રાખજે એનુ તુ દયાન. રાખનાં રમકડાં.
માટીનો દેહ માટીમાં જ ભળવાનો
આખરે જીવીને જન્મારો કરે તુ સફળ.રાખનાં રમકડાં.
માટીમાં વતન મારું તેજ માટીની હુ. માટી સાથે મોટા થયા ને માટી માંજ
ભળવાનું.
રાખનાં રમકડાંપ
રેખા નાકરાણી..નવી મુંબઈ ..??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G.S.S.No:- 194**

વિષય : રાખના રમકડાં
શીર્ષક: રાખના રમકડાં.શબ્દો :૩૩૩

સર્જન અને વિસર્જનની પ્રક્રિયા નિયતિદત્ત છે. જીવનો પીંડ બંધાય એના મૂળમાં શક્તિનું પ્રદાન, જમીનમાંથી અન્નથકી પ્રાપ્ત થતું હોય છે. મૃત્યુ બાદ એ પંચ મહાભૂતોમાંજ રાખ બની વિલીન થાય છે. ગમે તેટલી ઈચ્છા હોય તોય મૃત્યુ પામેલા શરીરનો આપણે બાળીને કે દાટીને અથવા કોઈપણ સ્વરૂપે નાશ અવશ્ય કરવો પડે છે. શરીરનો, એના રૂપનો મહિમા માનવી કરે છે. એતો નાશવંત છે. મારું મારું કરીને એકત્રિત કરેલી સંપત્તિ પણ અહીંજ મૂકીને જવાની છે. એટલેજ રાખમાંથી સર્જાયેલું અને અંતે રાખમાં જ ભળતા આપણે સૌ સજીવ રાખના રમકડાજ છીએ. પ્રભુની મરજી વગર કંઈજ થતું નથી. જે મેળવવા સજીવે ફાંફા માર્યા હોય,એ ભોગવવાની ઈચ્છા હોય, પણ પરમેશ્વરની નામરજી હોય તો..વ્યક્તિ ગમે તેટલું મથે તોય પામી શકતો નથી. પછી ભલેને એ વ્યક્તિ રૂપીપાત્ર હોય કે ભૌતિક સુખાકારીનું સાધન, વિદેશ પ્રવાસ હોય કે ધાર્મિક દર્શન હોય. પુરુષાર્થ માનવીના હાથમાં છે પણ પ્રારબ્ધમાં પ્રભુએ જે ગોઠવ્યું હોય એ જ મળે છે . રમકડું સ્વેચ્છાએ હરી ફરી શકતું નથી, એને કોઈનો દોરીસંચાર જોઈએ છે. આપણે પણ એવાજ દોરીસંચારથી ગોઠવાયેલા રમકડા છીએ.જેની દોરી ઈશ્વરના હાથમાં છે. એ ઈચ્છે એમ આપણે ચાલવું પડે છે. પ્રભુની ઈચ્છા વગર એક પાંદડું પણ હલી શકતું નથી. મેં કર્યું, મારું છે, એવી અભિમાની વૃત્તિમા રાચતો માનવી પળ વારમાં ઈશ્વરની સોટીનો શિકાર બની તહસનહસ બની જાય છે. તો કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ ઈશ્વર ઈચ્છે તો માણસ
ઉગરી જતો હોય છે. સમૃદ્ધ અને સુખાકારી પૂર્ણ શ્રેષ્ઠ જીવન જીવી પણ શકતો હોય છે. એના કર્મફળ ને આધીન છે એ બધુજ.તમે જેવું કર્મ કરશો એવુંજ તમે ફળ મેળવશો. આપણે કોને મળીશું અને શું કરીશું તેમજ કેવું જીવીશું એ તમામ ગણિત વિધાતાએ આપણા જન્મ સમયેજ રચી રાખ્યું છે. આપણેતો માત્ર એને અનુસારવાનું છે. જન્મ, મૃત્યુ અને લગ્ન પરમ પિતાના હાથમાં છે. નિશ્ચિત ઘડી પળે જે થવાનું હોય તે થાય જ છે. વિચારશીલ અને સાત્વિક મનુષ્યએ આ વસ્તુનો સહજ સ્વીકાર કરવો જ રહ્યો. કર્મ બંધનમાંથી ફરી ફરીને એને જે અવતાર પ્રાપ્ત થાય છે અને પુનઃજીવન અને પુનઃમૃત્યુ થઈ એ વળી પાછું રાખના રમકડા બની સજીવ સૃષ્ટિમાં કર્મ બંધને બંધાઈ વિહરતું રહે છે. આ સનાતન સત્ય છે જે પરાપૂર્વેથી ચાલ્યું આવે છે અને ચાલતું રહેશે.

ખ્યાતિ જીગર દેસાઈ..અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**

વિષય- રાખનાં રમકડાં
શીર્ષક- હું કાંઈક છું.શબ્દ-૩૩૯
મુક્તિદાકુમાર 'રુપલી.મુંબઈ-મહારાષ્ટ્ર
ooooooooooo

હું હું હું હું-બડબડ કરીને ★હું★ મારાં અસ્તિત્વને ટકાવી રાખવા માગું છું.
★હું કાંઈક છું★ એવું સાબિત કરવા માગું છું!
કેટલાય લોકોની આદત હોય,વ્યવ્હાર માટે હોસ્પિટલમાં દરદીને મળવા જાય,ત્યાં જઈ દરદીને દરદીનાં દુઃખ ઉપર મલમ લગાવવાના બદલે,ખાસ દુઃખડાં રોય,"અમારે તો મામાનીમાસીના ભત્રીજાને --તમારા જેવો જ રોગ થયેલો! આ જ હોસ્પીટલમાં કૈજિં ષ્ઠક્ક્ષ્ટજજમાં ટ્ઠઙ્ઘદ્બ કરેલા, પણ ★ન બચ્યા હો★!.. બસ સામા દરદીને માનસિક આધાર આપવાના બદલે,ભય પેદા કરી, ડરાવવા! ★હા..તમને પણ એવું જ લાગે છે હો!★ પોતે બહુ બધું જાણે છે. દુનિયામાં,મારા જેવી કોઈ મહાન,તંદુરસ્ત,હુશિયાર, જ્ઞાની વ્યક્તિ છે જ નહિ!
પ..ણ.ભૂલાઈ જાય છે કે, સાહેબ!
★તું તારી જાતની બડાઈ ફૂંકે★ છે,પણ,
★આ બધું જ ક્ષણિક છે★ !
આ
આભાર - નિહારીકા રવિયા જીવન,તારું-મારું, કશું જ આપણું નથી, ીદ્બીહીહં નથી! પાણીના પરપોટાથી પણ વધારે ક્ષણભંગૂર,આપણું અસ્તિત્વ છે. તો..જે ક્ષણ છે તેને આનંદથી માણીએ,
બિમાર,બાળા,બુઢ્ઢા,અપંગ,અનાથની સેવા કરીએ. એ લોકોને કેવી રીતે ખુશી મળે, એવું વાતાવરણ સર્જીએ.
જ્યાં બોલવું છે દિલથી બોલવું છે!
ચૂપ રહેવું છે ત્યાં પ્યારથી ચૂપ રહેવું છે!
હું હું હું -- આ ★હું★ કોઈ'ક ના કામે લાગે તો કેટલું સારું?
પંચતત્વનુંબનેલું,
★પંચમહાભૂત★ પાંચે તત્વોમાં કેવી રીતે અને ક્યારે ભળી જાશે ખબર નથી.
જો હું પારસી હોઈશ તો મારાં શરીરને કૂવામાં નાંખી દેશે!મારાં એકેએક અંગને ગીધ,ઉંદર,કૂતરાં આરામથી આરોગશે!
કોઈ મને જોળીએ લટકાવી,ઊંડા ખાડામાં દાટી દેશે, કોઈ મને પાણીમાં વહાવી દેશે,કોઈ અગ્નિદાહ દેશે -રાખને પાણીમાં વહાવશે!
હવે તો ઈન્ઈઝ્રૈંઇૈંરૂ થી બે સેકંડમાં ભસ્મિભૂત!અંતે તો, પંચમહાભૂતનો જીવ, પાંચતત્વોમાં મળી જઈશ!!
મારી સાદડીમાં લોકો મારા વિષે વાતો કરતા હશે-કોઈ વખાણ કરતા,કોઈ મનમાં ગાળો દેતા મારા વિશે ગપ-ગોટાળા કરતા- ★પોતાની જાતને મહાન ખપાવતા હશે★! ★મારું અસ્તિત્વ હવામાં વિલીન થઈ ગયું હશે! પ..ણ મારી જ સાદડીમાં મારા વિષે,હું બરાભર સાંભળીશ.★
મારી સાદડીમાં મહાનતા બતાવતા ★લટકાં મટકાં★ કરતા લોકોને જોઈ
મને દુઃખ પણ થશે! મનમાં થશે.. ચાલ એ લોકોને કહી દઉં,
"પીપળપાન ખરંત,
હસતી કૂંપળિયા,મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયા"
હા! એતોએમજને,
એનું જ નામ જીવન!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-183**

વિષય:- રાખનાં રમકડાં.શીર્ષક:- એ મોટો
પ્રકાર : પદ્ય

આશાઓનાં દરિયે થયો એ મોટો,
નિરાશામાં જ ડૂબી ગયો એ મોટો.

જીવવું છે ઘણું ને આશા છે મોટી,
શબ્દો મઠારવામાં જ રહ્યો એ મોટો.

બંગલા, દુકાન, ગાડીઓ સજાવી,
સુખનાં વ્હેણ કાજે રઝળ્યો એ મોટો.

પૈસો ક્યાં થયો છે કોઈનો સગો,
મારું છે એમાં જ રહ્યો એ મોટો.

છેલ્લી ઘડીએ અપેક્ષાઓ અઢળક,
રાખનાં રમકડાં કહી રળ્યો એ મોટો.

★રચનાકાર :- આલમ કાસિમ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. : 170**

વિષય: રાખનાં રમકડાં.પ્રકાર : ગદ્ય વાર્તા
શિર્ષક: સપનાનું વાવેતર
વાર્તાના શબ્દો: ૩૩૫

પ્રીતિ, ઈશિતાના ખભે માથું મૂકીને રડી પડી. બન્નેની આંખોમાંથી આંસુ અનરાધાર વર્ષાની આંધીની જેમ વરસી રહ્યા હતાં. રડીરડીને થાકી ત્યારે બન્ને કલાકો સુધી એકબીજીના હાથ પકડી સુનમુન બેઠી રહી. જમના બાથી રહેવાયું નહિ એટલે એણે ઈશિતાને પૂછ્યું : 'કોણ છે આ ? આજે પહેલીવાર.....'

ઈશિતાને ગળે ડૂમો બાઝી આવ્યો. જમના બાને પ્રીતિનો પરિચય આપતાં કહ્યું: ' બા આ પ્રીતિ છે. તમારા દિકરા ઈશાનની રખાત.' જમના બાના આંખે અંધારા આવી ગયા. ઈશિતાએ એમને સોફા પર બેસાડ્યા ને, પોતે બાના પગ પાસે બેસી.બા, ઈશાને પાંચ વર્ષ પહેલાં જ આ પ્રીતિ સાથે મૈત્રી કરાર કરી મને છોડી હતી. એમનો સંસાર ખૂબ સારો ચાલતો હતો પણ એક દિવસ અચાનક કાર્ડિયાક એટેકને કારણે ઈશાન.....

બા, ઈશાનને ડાયરી લખવાનો શોખ હતો. એક દિવસ પ્રીતિને ઘરના ડ્રોઅરમાંથી એક ડાયરી મળી આવી. એ લઈને પ્રીતિ મને શોધતી આવી છે.

ડાયરીમાં છેલ્લે લખ્યું હતું : 'ઈશિતા મને માફ કરજે. હું તારો અને બાનો ગુનેગાર છુ. કોઈપણ કારણ વિના મેં તને છોડી પણ શું કરું...? પ્રીતિને પ્રેગનન્સી રહી હતી. હું તેને છોડી શકું એમ ન હતો. પણ, તું સમજદાર છે. આપણને લગ્નના આઠ વર્ષો બાદ પણ બાળકનું સુખ...... તેમાં પ્રીતિ મળી. તેને પ્રેગનન્સી રહેતા મારૂ પિતાનું સપનું જાગતા મેં તને છોડી. વિધિને આ મંજૂર ન હતું. હું બચી શકું એમ નથી તેથી મારા ગયા બાદ તું, પ્રીતિ અને તેના બાળકની કાળજી રાખજે. પ્રીતિ, બા અને તને જોડતી કડી આ ઈશિથ જ છે. તને યાદ છે આપણું સપનું હતું કે આપણે બાળકનું નામ તારા અને મારા નામ પરથી ઈશિથ જ રાખીશું ? ઈશિતા બાને કહેજે કે આપણે તો રાખનાં રમકડાં છીએ. હું પણ રાખમાં.... તું પ્રીતિ અને ઈશીથને અપનાવી લેજે. એમનું તારા સિવાય કોઈ નથી.'

ઈશિતા જમના બાના ખોળામાં માથું મૂકી રડતી રહી. બા માથે હાથ ફેરવતી બબડતી હતી.... આપણે તો રાખનાં રમકડાં છીએ. ને, પ્રીતિ પણ સોફા પરથી ઊઠી જમના બાના ખોળામાં માથું મૂકી રડી ઉઠી. જમના બા બન્નેના માથા પર હાથ પસવારી રડી ઉઠ્યા... શું કરીએ ? આપણે સ્ત્રીઓ પણ રાખનાં રમકડાં છીએ. ત્રણે સ્ત્રીઓ બીજામાં સમાય ગઈ. રાખનાં રમકડાં જો હતી. નાનકડો ઈશીથ બધાને રડતાં જોઈ રહ્યો.

-- વિનયકુમાર મહેતા. બારડોલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :179**

પ્રકાર : પદ્ય.વિષય : રાખનાં રમકડાં
શિર્ષક : માટીની કાયા.શબ્દ સંખ્યા: ૬૩

છે માટીની કાયા મનવા! માટીમાં ભળી જવાનાં,
રમકડાં સૌ ઈશ્વરનાં,અંતે બળીને રાખ થવાનાં!

આતમને ઉજાગર કરી,સતકર્મનાં ભાથા બાંધજો,
છોડો સઘળી માયા,અંતે કર્મના હિસાબ થવાનાં!

માનવતાની મહેક ચોમેર પ્રસરાવતા રેહજો,
શોહરતનાં નહીં સૌ,અંતે માણસાઈના ગાન ગાવાનાં!

મૃત્યુ સત્ય છે 'રૂદ્ર',ક્યાં સુધી આમ ભાગવાના?
માણી લેજો પ્રત્યેક પળ,અંતે સ્મૃતિમાં રહીં જવાનાં!

રમકડાં સૌ ઈશ્વરનાં,અંતે તો બળીને રાખ થવાનાં!

-તુષાર પંડયા 'રૂદ્ર' (ભાવનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 0013**

વિષય :રાખ ના રમકડાં..પ્રકાર :પદ્ય
શબ્દો : ૧૭૦...રાખ ના રમકડાં

નવા રમકડાં નો કેવો આનંદ છૅ.
નવું રમકડું બધા પાસે જઈ
જીવવાની રીત શીખે છૅ.
અંતે રાખ માં મળી જાય છૅ.

જુઓ ને રાખ ના રમકડાં
કેટલા વ્યસ્ત દેખાય છૅ.

પથારી ઉલેચી ઉઠવાનું છૅ
દાતણ મોમાં ઘાલી જાજરૂ
ની લેન માં ઉભા રહેવા નું છૅ.
જલદી બે લોટા ટાઢા પાણી
થી માથા બોળ નાહવા નું છૅ.
ૐ ૐ ૐ કરી જળ ની લોટી
તાંબાની લઈ મંદિરે જવાનું છૅ.
છાપા માં નજર ફેરવી એક
અડેરી ચાહ પીવાની છૅ.
દોડી ને ગાડી પકડવા ની છૅ.
શેઠ ની ગાળો ખાઈ ખાવા નો
ડબ્બો ખાધા વગર લઈ જવાનો છૅ.
આ રાખ ના રમકડાં ને ઘરે
આવતી વખતે ઢીંગલી માટે
રમકડાં લઈ જવાના છૅ.
ઘરે આવી ઢીંગલી ને રમાડી
જમી ને રમકડાં એ પ્રેમ કરવા
નો છૅ.સુઈ ને મીઠાં સપના
જોવાના છૅ.
રમકડું જૂનું થાય છૅ.
રંગ ઉખડી જાય છૅ.
કોઈ એની સામે જોતું નથી.
એકલું એકલું રમકડું શોષાય છૅ.
છેવટે રમકડું તૂટી પડે છૅ.
રમકડાં ને ફેંકી દેવાય છૅ.
ત્યાં આગ લાગે છૅ
રમકડું રાખ લાગે છૅ.
ઘનશ્યામ વ્યાસ ,"શ્યામ"

# નવા વર્ષની ઉજવણીને શરાબ સાથે શું સંબંધ?

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. અહીં દરેક જ્ઞાતિના, દરેક સંપ્રદાયના પ્રજાજનો, પોતાનો ધર્મ પાળી શકે છે અને પોતાનો તહેવાર કે પર્વ રાજીખુશીથી મનાવી શકે છે. પરંતુ છેલ્લાં કેટલાય વર્ષોથી એક અલગ અને નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે કે, કોઈપણ પર્વ કે તહેવારની ઉજવણીના ભાગરૂપે શરાબનું સેવન અનિવાર્ય બની ગયું છે. નવી પેઢીના યુવક અને યુવતીઓને દારૂ વગર પાર્ટી કરવી કે તહેવારની ઉજવણી કરવી અધૂરી લાગે છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં નવુ વર્ષ, નૂતન વર્ષ કે બેસતુ વર્ષ કારતક સુદ એકમના દિવસે ગણાય છે. આપણી સંસ્કૃતિના નવા વર્ષની ઉજવણીને ખાસ મહત્વ આપવામાં આવતું નથી. હવેની નવી પેઢીમાં ખાસ કરીને, આપણું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યું છે અને ડિસેમ્બર મહિનાની થર્ટી ફસ્ટની રાતે ૧૨ વાગ્યા પછી ઝગમગતી આંખોને આંજી દે એવી ઝગમધાટ રોશનીમાં ખુલ્લી સડક ઉપર કુમળી વયના તેમજ યુવાન વયના યુવક તથા યુવતિઓ, કાન ફાડી નાંખે એવા ડીજેના સથવારે, એકબીજાની કમરમાં હાથ નાંખીને, સમાજની પરવા કર્યા વગર ખુલ્લેઆમ વિચિત્ર ઢબના ડાન્સ કરે છે, જાહેરમાં ફટાકડા ફોડે છે, એકબીજાને આલિંગન આપે છે, એકબીજાને અવનવી ગિફ્ટ આપે છે અને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આ બધું તો ઠીક છે, પરંતુ થર્ટી ફસ્ટની રાતે દેશી તથા વિદેશી દારૂનો દૌર આખી રાત સુધી ચાલુ રહે છે, અને યુવાધન છાકટુ બની જાય છે. આના ભાગરૂપે ક્યારેક યુવતીઓની છેડતી, પજવણી, અશ્લીલ મજાક,અભદ્ર ચેનચાળા કે બળાત્કાર સુધીના બનાવો બનવાના સંજોગો ઉભા થાય છે.

પશ્ચિમની સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં તદ્દન વિપરીત છે, છતાં, આપણે બધાં એનું આંધળુ અનુકરણ કરીએ છીએ. હકિકતમાં ડિસેમ્બર મહિનામાં વિદેશોમાં વધારે પ્રમાણમાં ઠંડીનું જોર વધે છે એથી ઠંડીથી રક્ષણ મેળવવા તથા શરીરનું તાપમાન જાળવી રાખવા માટે તેઓ શરાબનો આશરો લ્યે છે. જયારે આપણી તો આંબોહવા જ ગરમ છે, તેથી શરાબનું સેવન કરવાથી શરીરને હાનિ જ થાય છે.

તહેવારોની ઉજવણીને દારૂ કે શરાબ સાથે કાંઈ લેવાદેવા છે જ નહીં, છતાં, હવે તો કોઈને કોઈ નાનું કે મોટુ પર્વ, ઉત્સવ, તહેવાર, પ્રસંગ, પાર્ટી, વિગેરેમાં અગાઉથી જ શરાબની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. પહેલાં તો મદિરા કે શરાબનું સેવન અમુક જ્ઞાતિના જ્ઞાતિજનો જ કરતા હતાં, પરંતુ હવે તો ભદ્ર સમાજના વ્યક્તિઓ પણ દરેક પ્રસંગે શરાબનું સેવન કરે છે. વાત આટલેથી અટકતી નથી, પરંતુ આજની આધુનિક અને ભદ્ર સમાજની સુશિક્ષિત યુવતીઓ તથા મહિલાઓ પણ સિગારેટનો કસ અને શરાબની ચુસ્કી લેતાં અચકાતી નથી.

વાસ્તવમાં કોઈપણ પ્રસંગની ઉજવણીને શરાબ સાથે કાંઈ નિસ્બત કે લેવાદેવા જ નથી, છતાં " પીનેવાલો કો પીને કા બહાના ચાહિયે" એ ન્યાયે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલ, યુવા પેઢી અને હિંદુ સંસ્કૃતિ ભવિષ્યમાં શું કરવટ બદલશે એ તો આવનારો સમય જ બતાવશે.

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯૩૫૦

# ચાણસ્મા ના ધિણોજ ગામ પાસે પલટી મારેલ ગાડી માંથી વિદેશી દારૂ બીજી ગાડીમાં ભરતી સમયે s.m.c ત્રાટકી.૧,૫૪,૫૦ લાખનો દારૂ ઝડપી લીધો



ચાણસ્મા પંથકમાં જ્યારથી પી.આઈ મેડમ નું પોસ્ટિંગ થયું છે ત્યારથી જ ચાણસ્મા પંથકમાં અસામાજિક પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે તેમજ દેશી વિદેશી દારૂની પણ રેલમછેલ થઈ રહી છે ત્યારે આ બાબતે અવારનવાર સ્ટેટ મૉનિંગ સેલ તથા પાટણ એલસીબી દ્વારા છાપાઓ મારી બુટલેગરોનો ઝડપવામાં આવી રહ્યા છે ત્યારે ચાણસ્મા પી.આઈ મેડમ શું કરી રહ્યા છે ?? તેવા અનેક સવાલો પેદા થઈ રહ્યા છે ત્યારે વધુ એક વખત સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ પાસે પલટી મારેલ ગાડીમાંથી અન્ય ગાડીમાં દારૂ ટ્રાન્સફર થઈ રહ્યો હતો ત્યારે જ છાપો મારીને વિદેશી દારૂ ઝડપી ચાણસ્મા પી.આઈ મેડમને વધુ એક વખત લપડાક આપી હતી

મળતી માહિતી મુજબ ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામથી ગંગાપુરા જવાના માર્ગ પર આજરોજ વહેલી સવારે ગાઢ ધુમ્મસ હોય સદર માર્ગ પરથી વિદેશી દારૂ ભરેલી ઈનોવા ગાડી અમદાવાદ જઈ રહી હતી તે દરમિયાન ધુમ્મસ ને કારણે ગાડી પલટી મારી જતાં તેમાં ભરેલ વિદેશી દારૂ અન્ય ક્રેટા ગાડી તેમજ કેયા ગાડીમાં ટ્રાન્સફર થઈ રહ્યો હતો ત્યારે સ્ટેટ મોનિટરીંગ સેલ ને બાતમી મળતા જ તાત્કાલિક સ્થળ પર પહોંચી વિદેશી દારૂની બોટલો નંગ ૧૧૪૦ કિ.રૂ ૧,૫૪,૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો તેમજ પપ્પુરામ જગારામ બિસનોઈ ગામ.ડોલી તાલુકો .કલ્યાણપુર જિલ્લો. બાડમેર વાળાને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

નોંધનીય છે કે ચાણસ્મા પંથક ની અંદર જ્યારથી પી.આઈ મેડમ નું પોસ્ટિંગ થયું છે ત્યારથી અસામાજિક પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે તેમજ જાણે બુટલેગરોને ખુલ્લો દોર મળી રહ્યો હોય તેમ વિદેશી તેમજ દેશી દારૂનું વેચાણ કરી રહ્યા છે તેમજ અવારનવાર સ્ટેટ મોનેટરિંગ સેલ તેમજ પાટણ એલસીબી દ્વારા છાપાઓ મારી ચાણસ્મા પોલીસને ઊંઘતી ઝડપવા છતાં પણ ચાણસ્મા પોલીસની ઊંઘ ઊડતી નથી આ બાબતનું કારણ ×પત્રમ પુષ્પમ× વ્યવહાર હોવાનું પણ લોકમુખે ચર્ચાઓ જાગી છે ત્યારે હવે પછી ચાણસ્મા પીઆઈ મેડમ જાગે છે કે પછી શું તે તો આવનાર સમય જ બતાવશે.

**નિખિલ જોષી:પાટણ જિલ્લા બ્યુરોચીફ**

# જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા અમીરગઢ તાલુકામાંથી કુલ રૂ.૯૪૬૧૧/-નો ગેરકાયદેસર જથ્થો સીઝ કરાયો

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરુણ કુમાર બરનવાલની સુચના મુજબ તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્ય પુરવઠા નિરિક્ષકશ્રી, પુરવઠા નિરિક્ષકશ્રી અને મામલતદારશ્રી, અમીરગઢની ટીમ દ્વારા ખાનગી બાતમીના આધારે તા.૦૨/૦૧/૨૦૨૪ના રોજ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના વિરમપુર ગામે ચાચરચોક વિસ્તારમાં પ્રવિણકુમાર રામદીન અગ્રવાલના ગોડાઉન તથા કરિયાણાની દુકાનમાં ઘઉં, ચોખા, ખાંડનો જથ્થો સિઝ કરવામાં આવ્યો હતો.જે જથ્થો પ્રાથમિક રીતે જાહેર વિતરણ વ્યવસ્થાનો ગરીબોને ફળવાયેલ હોવાનો



માલુમ પડતાં ઘઉં-૦૧ કટ્ટા ૪૮.૭૫૦ કિ.ગ્રા. જેની કિંમત રૂ.૧૩૧૬.૨૫/-, ચોખા-૬૯ કટ્ટા ૩૩૫૪.૯૮ કિ.ગ્રા. જેની કિંમત રૂ.૯૦૯૧૯.૯૫/-, ખાંડ-૦૧ કટ્ટા ૫૦ કિ.ગ્રા., જેની કિંમત રૂ.૨૩૭૫/- નો જથ્થો સીઝ કરવામાં આવેલ છે.આમ, તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ અમીરગઢ તાલુકામાં આવેલ દુકાનોની આકસ્મિક તપાસણી કરતાં કુલ રૂ.૯૪૬૧૧/-(અંકે રૂપિયા ચોરાણું હજાર છસ્સો અગીયાર પુરા)નો ગેરકાયદેસર જથ્થો સીઝ કરવામાં આવેલ છે એવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રીની અખબારી યાદીમાં જણાવ્યું છે.



બીઈંગ વુમન ચેરિટેબલ ટ્રસ્ટ કલ્પવૃક્ષ દ્વારા ચિત્ર સ્પર્ધા "એક આસ, એક પ્રયાસ" નું આયોજન ૨૦૨૩ વર્ષનાં છેલ્લા દિવસે એટલે ૩૧ ડીસેમ્બરના રોજ સાયન્સ સિટી સરદાર પટેલ ગાર્ડનમાં રવિવારની સવારે કરવામાં આવ્યું. આ સ્પર્ધાનું આયોજન એવાં બાળકો માટે કરવામાં આવ્યું હતું જે બાળકોનો વર્ગ આવી સ્પર્ધાઓથી વંચિત રહી જાય છે. સ્પર્ધામાં ચિત્રના વિષય ઉંમર પ્રમાણે અગાઉથી આપવામાં આવેલ હતાં. બાળકોનો ઉત્સાહ વધારવા અને અમને પ્રોત્સાહન આપવા અમારાં આમંત્રણને માન આપી બાળક અને મહિલા વિકાસ અમદાવાદના ચેરપર્સન અલકાબેન મિસ્ત્રી, નિરાલી ડગલી, પુનિતજી, રજનીશ પરમાર, કૃપાર્થ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે રીમા શાહ અને મુક્તિ હીંડોલે કામગીરી ભજવી. કાર્યક્રમનું સંચાલન ભૂમિકા વિરાણી એ કર્યું. આ સ્પર્ધામાં અલગ અલગ બાળવિકાસ શૈક્ષણિક ટ્રસ્ટ માં થી સો કરતાં વધારે બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને ખૂબ મઝા આવી એનો આનંદ છે. બાળકો અઢળક ઈનામો લઈને ગયા એનો રાજીપો. બીઈંગ વુમન સંસ્થાના સ્થાપક આશિતા મહેતા, વર્ષા મજેઠિયા અને મનિષા ઠક્કર વતી સૌનો આભાર.

# રખડતાં ઢોરોના ત્રાસ નિવારણ અંતર્ગત ડીસામાં ખુલ્લામાં ઘાસચારો વેચવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

ચીફ ઓફીસરશ્રી ડીસા નગરપાલિકાના પત્રથી ડીસા શહેરમાં રખડતા ઢોરોના લીધે ટ્રાફીકના પ્રશ્નો ન બને તે માટે ખુલ્લામાં ઘાસચારો વેચવા પર પ્રતિબંધ મુકવા બાબતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે આપેલ હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જે અન્વયે જાહેરનામા બહાર પાડવામાં આવેલ હતાં. જેમાં આખરી જાહેરનામાની મુદત તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ પૂર્ણ થયેલ છે.વર્તમાન સંજોગો લક્ષમાં લેતાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિની જાળવણી ધ્યાનમાં લેતાં નવીન જાહેરનામું બહાર પાડવુ જરૂરી જણાતાં શ્રીએન.એચ.પંચાલ (જી.એ.એસ.) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ડીસા દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરવામાં આવ્યો છે.જે અંતર્ગત ડીસા શહેર વિસ્તારમાં ખુલ્લામાં ઘાસચારો વેચવાના લીધે ટ્રાફીકના પ્રશ્નો તેમજ અકસ્માત થવાનો ભય રહેતો હોઈ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ માટે જાહેર જનતાને અડચણરૂપ ન થાય તે રીતે ડીસા શહેરના નીચેની યાદી મુજબના વિસ્તારમાં ખુલ્લામાં ઘાસચારો વેચવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જેમાં સ્પોર્ટસ કલબથી શીવનગર રામાપીરના મંદિર સુધી, અંબિકા ચોક રોડથી લાયન્સ હોલ સુધી, એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલથી અંબિકા ચોક સુધી, જુના બસ સ્ટેન્ડથી ગાયત્રી મંદિર સુધી, દિપક હોટલથી જી.જી. વિદ્યાસંકુલ ડીસા સુધી, રેલ્વે સ્ટેશન ચાર રસ્તાથી એ.પી.એમ.સી. રોડ, ત્રણ હનુમાન મંદિરથી ઈન્દિરાનગર સુધી, રામાપીરના મંદિરથી પીંક સીટી સુધી, લાઠી બજાર વિસ્તાર, રીસાલા ચોક, સરદાર બાગથી રેલ્વે સ્ટેશન સુધી, ટાફે શોરૂમથી રીલાયન્સ પેટ્રોલ પંપ હાઈવેની બંને સાઈડ સર્વીસ રોડ વિસ્તારમાં ખુલ્લામાં ઘાસચારો વેચવા પર પ્રતિબંદ મુકેલ છે.

# અયોઘ્યા જવા માટે વિરપુરથી ૫૦ સ્વયંસેવકો ટ્રેન મારફત રવાના....



વિરપુર,તા.૩

૨૨મી જાન્યુઆરીના રોજ અયોધ્યામાં ભગવાન શ્રી રામલલ્લાના મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં વીરપુર પૂજ્ય જલારામ બાપાની જગ્યા તરફથી ૨૨ અને ૨૩ બે દિવસ તમામ દર્શનાર્થીઓને મગજનો પ્રસાદ આપવાનો હોય આજે વીરપુર મંદિર તરફથી આ પ્રસાદ બનાવનાર અને આપનાર ૫૦ સ્વયમ સેવકોની એક ટીમને વાજતે ગાજતે અયોધ્યા પ્રસ્થાન કર્યું છે. ત્રણ વર્ષ પહેલાં જયારે અયોધ્યામાં ભગવાન શ્રી રામની જન્મભૂમીમાં મર્યાદા પુરસોત્તમ ભગવાન શ્રી મંદિર જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિ પૂજ્ય રઘુરામબાપાએ જાહેરાત કરેલી કે, ભગવાન શ્રીરામના મદિરમાં શ્રી રામ લલ્લાને સવાર સાંજ થાળ ધરાવવામાં આવશે તે થાળ આજીવન વીરપુર જલારામ મંદિર તરફથી ધરવામાં આવશે અને આ માટેની મંજૂરી અયોધ્યા મંદિરના ટ્રસ્ટીઓ તરફથી મળી ગઈ છે.હવે આગામી ૨૨મી જાન્યુઆરીના રોજ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે ત્યારે જલારામમંદિર તરફથી ભગવાનશ્રી રામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આવેલ તમામ ભાવિકોને ૨૨ અને ૨૩ જાન્યુઆરી એમ બે દિવસ મગજનો પ્રસાદ આપવામાં આવશે.આ પ્રસાદ અયોધ્યા ખાતે જ તૈયાર કરવાનો હોવાથી પ્રસાદની તૈયારી માટે આજે ૫૦ જેટલા સ્વયમ સેવકોનું એક મંડળ વીરપુર ખાતેથી ટ્રેન મારફત રવાના થયું હતું. આ જલારામ મંડળ રવાના થયા પૂર્વે તમામ સ્વયમ સેવકોને મંદિર ખાતે ગાયત્રી પરીવારની બહેનો દ્વારા હારતોરા તિલક કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

# મણિપુર ગોધાવી ની ટી.પી નંબર ૪૨૯ માં ૧ ૨ ૨ કરોડનું કૌભાંડ નો આક્ષેપ કરતા કોંગ્રેસ નેતા અમિત ચાવડા

મણિપુર ગોધાવી ની ટી.પી નંબર ૪૨૯ માં ૧ ૨ ૨ કરોડનું કૌભાંડ નો આક્ષેપ કરતા કોંગ્રેસ નેતા અમિત ચાવડા લાંબા સમય પછી ગુજરાત કોંગ્રેસે એક કૌભાંડ શોધ્યુ, અમિત ચાવડાએ કહ્યુ- રૂ.૨૪૬ કરોડની સરકારી જમીન સરકારે માત્ર ★નવ મહિના પહેલા★ અસ્તિત્વમા આવેલી કંપનીઓને આપી દીધી છે. આ જમીન ★સંસ્કાર ધામ★ પાસે છે. જે ★ઓલમ્પિક ૨૦૩૬★ ને લઈને પહેલાથી જ ચર્ચામા છે.

# સુપ્રીમ કોર્ટે બિહાર સરકારને આદેશ આપ્યો છે કે ગંગા નદીની નજીક કોઈ ગેરકાયદે બાંધકામ ન થવું જોઈએ



નવીદિલ્હી,તા.૩

સર્વોચ્ચ અદાલતે બિહાર સરકારને નિર્દેશ આપ્યો છે કે ગંગા નદીની નજીક, ખાસ કરીને પટના અને તેની આસપાસ કોઈ બાંધકામ ન થાય તે સુનિશ્ચિત કરે.જસ્ટિસ અનિરુદ્ધ બોઝ અને ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે રાજય સરકારને પટનામાં ગંગા નદીના પૂરના મેદાનમાં બનેલા ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવા વિશે માહિતી આપતું સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેની ઓળખ કરવામાં આવી છે.

જયારે આ મામલો સુનાવણી માટે આવે છે, ત્યારે બિહાર સરકારના વકીલ કહે છે કે રાજયએ પટના અને તેની આસપાસ ગંગા નદીને અડીને આવેલા ૨૧૩ અનધિકૃત બાંધકામોને ઓળખી કાઢ્યા છે અને આ અતિક્રમણોને દૂર કરવા માટે પગલાં લેવામાં આવ્યા છે.

બેન્ચે કહ્યું, ‘રાજય આ ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવામાં થયેલી પ્રગતિ અંગે એફિડેવિટ દાખલ કરીને આ કોર્ટને રિપોર્ટ કરશે. આવી એફિડેવિટ બિહારના મુખ્ય સચિવ દ્વારા દાખલ કરવામાં આવશે. રાજય એ પણ સુનિશ્ચિત કરશે કે ગંગા નદીની આસપાસ, ખાસ કરીને પટના શહેર અને તેની આસપાસ વધુ બાંધકામ ન થાય.

સુપ્રીમ કોર્ટ પટનાના રહેવાસી અશોક કુમાર સિંહાની અરજી પર સુનાવણી કરી રહી હતી. અગાઉ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ૩૦ જૂન, ૨૦૨૦ના તેના આદેશમાં તેમની અરજીને ફગાવી દીધી હતી. સિંહાએ પર્યાવરણની દષ્ટિએ નાજુક પૂરના મેદાન પર ગેરકાયદે બાંધકામ અને કાયમી અતિક્રમણ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.

અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે એનજીટીએ પટનામાં ગંગાના પૂરના મેદાનમાં અતિક્રમણ કરનારા ઉલ્લંઘનકારોના વિગતવાર વર્ણનની તપાસ કર્યા વિના આદેશ પસાર કર્યો હતો. એડવોકેટ આકાશ વશિષ્ઠ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, ‘ગંગાના પૂરના મેદાનમાં ગેરકાયદે અને અનધિકૃત બાંધકામ અને કાયમી અતિક્રમણને કારણે મોટા પ્રમાણમાં કચરો, અવાજ અને ગટરનું નિર્માણ થઈ રહ્યું છે.‘

તેમાં કહેવામાં આવ્યું છે કે ગેરકાયદેસર બાંધકામો નજીકમાં રહેતા રહેવાસીઓના જીવન અને સંપત્તિ માટે જોખમ વધારી રહ્યા છે.

# નિર્મળ ગુજરાત ૨.૦નાં ભાગરૂપે ગાંધીનગરનાં હોટેલ લીલા પાસેના વિસ્તારમાં સફાઇ અભિયાન કરવામાં આવ્યુ.

ગાંધીનગર.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરેલ “નિર્મળ ગુજરાત” અભિયાનને આગળ ધપાવતા માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા કચરા મુક્ત રાજ્યના નિર્માણની નેમ વ્યક્ત કરતા “નિર્મળ ગુજરાત ૨.૦” અભિયાન લોન્ચ કરવામાં આવ્યુ છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા “સ્વચ્છ અને નિર્મળ ગાંધીનગર” અભિયાન અંતર્ગત સેનિટેશન ટીમ દ્વારા આજે હોટેલ લીલા પાસેના વિસ્તારમાં ગોપાલક શાળાના વિદ્યાર્થીઓ, સ્વામી




વિવેકાનંદ શાળાના વિદ્યાર્થીઓ, કૃપા સખી મંડળ, સ્વર્ણિમ સખીમંડળ વગેરેના સહયોગથી સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યુ. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જશવંતભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એન. વાઘેલા, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી કે. પી. જેઠવા અને સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ પણ જોડાયા હતા.

# અમદાવાદીઓને મોંઘવારીમાં મળી રાહત, સરકાર સસ્તા દરે અનાજનું વેચાણ કરી રહી છે

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં શહેરીજનોની ખુશીમાં વધુ એક વધારો થયો છે. શહેરીજનોને મોધાવારીના મારથી બચવા રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર અને નાફેડ દ્વારા મધ્યમવર્ગીય અને ગરીબ લોકો માટે સસ્તા અનાજનું વેચાણ કરવાની પહેલ કરી છે. શહેરમાં બજારભાવ કરતા સસ્તા ભાવે અનાજ-ડૂંગળીના ૧૫ ટેમ્પા ફરી રહ્યા છે. આ ટેમ્પામાં ઘઉંનો લોટ, ચણાની દાળ અને ડૂંગળી બજાર ભાવ કરતા ઘરે આંગણે સસ્તી વસ્તું પહોંચડાવાનું કાર્ય કરે છે. શહેરના વિવિધ વિસ્તારમાં આ ટેમ્પા ફરે છે. એક સ્થળ પર ટેમ્પો ૨થી ૩ કલાક વસ્તુઓનું વેચાણ કરીને નિકળી જાય છે. ખરીદનારને સરકાર તરફથી બિલ પણ આપવામાં આવે છે.કેન્દ્ર સરકાર નાગરિકોના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. લોકો વધુ કિમંતના કારણે અનેક વખત પૌષ્ટિક ખોરાક એવા ઘંઉ અને ચણા જેવા અનાજની ઓછી ખરીદી કરતા હોય છે. જેની અસર તેમના સ્વાસ્થ્ય પર જોવા મળે છે. કહેવાય છે કે ગરીબો ડુંગળી ખાઈ પોતાનું જીવન ગુજારતા હોય છે. ત્યારે ડુંગળીના ભાવ પણ આસમાને પંહોચતા ગરીબોની કસ્તુરી કહેવાતી ડુંગળી તેમના ભોજનથી દૂર થઈ જાય છે. મોંઘવારીનો માર મોટાભાગે ગરીબ અને મધ્યમવર્ગ પર પડતો જોવા મળે છે. આથી આ બાબત ધ્યાને લઈને સરકારે નવી પહેલ શરૂ કરી છે.મધ્યમવર્ગ અને ગરીબોનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે માટે સરકાર અને નાફેડ દ્વારા રાહત દરે ડુંગળી અને અનાજનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. અનેક વિસ્તારોમાં નાફેડ બેનર હેઠળના ટેમ્પા ફરે છે. જેમાં ચણાની દાળ અને ઘંઉ જેવી ખાદ્યસામગ્રી ઉપરાંત ડુંગળી જેવા શાકનું સસ્તાદરે વેચાણ કરવામાં આવી રહ્યું છે. બજારમાં ડુંગળીનું ૬૦થી ૭૦ રૂપિયા પ્રતિકિલોએ વેચાણ થાય છે ત્યારે નાફેડ બેનરના ટેમ્પા હેઠળ પ્રતિ કિલો ૨૫ રૂપિયાનું વેચાણ કરવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.